ગાંધીનગર સમાચાર



# હાઈકોર્ટ બહાર પાટીદારોનુ શકિત પ્રદર્શન : સોશિયલ મીડીયામાં મેસેજ વાઈરલ થયો

## વાઇરલ મેસેજમાં હાર્દીકના સર્મથકોનો સાથ કે વિરોધીઓની ચાલ તેની ચર્ચાનો પણ ઉલ્લેખ

ગાંધીનગર તા ૨૮

ગુજરાતમાં પાટીદાર આંદોલનની લડતમાં સોશિયલ મીડીયામાં અનેક મેસેજીસ છાશવારે વાયરલ થતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે અરવલ્લીના બાયડ પાસેના તેનપુર ગામમાં સભા બાદ હાર્દિક પટેલ ગુમ થવાના મામલે થયેલી હેબિયર્સ કોપર્સ દાખલ કરી હતી જેની આજે હાઈકોર્ટમાં સુનાવણી બાદ હાર્દિક પટેલની ધરપકડ થવાની હોવાની શકયતાને અનુલક્ષી હાઈકોર્ટ બહાર પાટીદારો દ્વારા શકિત પ્રદર્શન કરવામાં આવશે તેવો મેસેજ પણ સોશ્યિયલ મીડીયા પર આજે વાયરલ થયો હતો.હાર્દિકના ફોટા સાથે પાટીદાર આંદોલન મહીલા સમિતિના નામે હાકલ કરતો આ મેસેજ ફરતો થયો હતો.




અરવલ્લીના બાયડ પાસેના તેનપુર ગામે અગાઉ યોજાયેલી સભા બાદ હાર્દિક પટેલ ગુમ થયા બાદ હાઈકોર્ટમાં હેબિયર્સ કોપર્સ દાખલ કરવામાં આવી હતી જયારે આ કેસ સંદર્ભે

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

ઝાકળની ઝાકઝમાળ - વર્ષાની વિદાય અને શરદના આગમનના પગલે ઝાકળનો ઝાકઝમાળ વધે છે... વહેલી સવારે પ્રકૃતિના વૈભવને નિહાળવા નિકળતા નાગરિકો ધુમ્મસનું સૌંદર્ય પણ માણે છે... કેવો સુંદર નજારો, કેવા સુંદર વૃક્ષોના પાન પર કે પુષ્પો પર ઝાકળના બિંદુઓ પર ચમકતો સૂર્યપ્રકાશ અદ્દભૂત દશ્યો સર્જે છે... ધુમ્મસ માણવાની પણ એક મજા છે... ગાંધીનગર સદભાગ્ય છે કે પ્રાકૃતિક સૌંદર્યની સાથે ધુમ્મસનું સૌંદર્ય પણ માણવા મળે છે... વહેલી સવારે આછો સૂર્યપ્રકાશ, ધુમ્મસ અને ઝાકળબિંદુનો ત્રિવેણી સંગમ કંઈક અલગ જ અનુભૂતિ કરાવે છે.

# શાળાઓ માટે યુ-ડાયસ કોડ મુદ્દે આવતીકાલે વર્કશોપ

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર જિલ્લાની તમામ શાળોઓ માટે યુ ડાઈસ કોડ ફરજિયાત કરવામાં આવ્યો છે. કરવામાં આવ્યો હતો જેના આધારે જિલ્લાની પ્રાથમિક તેમજ માધ્યમિક સહિતની તમામ શાળાઓને આવરી લેવામાં આવી

**જિલ્લાની શાળાઓના આચાર્યો તેમજ શિક્ષકોને માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે**

જેના આધારે આ પ્રકારનો કોડ ધરાવતી શાળાઓને જ વિવિધ શૈક્ષણિક યોજનાનો લાભ મળે તેવી જોગવાઈ પણ કરવામાં આવી છે. આ મામલે શાળાના આચાર્યો તેમજ શિક્ષકોને જરૂરી માર્ગદર્શન આપવા અને જાગૃતિ કેળવવા આવતીકાલે એક વર્કશોપનુ આયોજન કરવામાં આવ્યુ છે.

દરેક શાળા માટે યુ ડાયસ કોડ મેળવવો અનિવાર્ય હોવાનો પરિપત્ર શિક્ષણ વિભાગ દ્વારા છે. જયારે આ કોડ પધ્ધતિ મુજબ યુ ડાયસ કોડ ધરાવતી શાળાઓને જ વિવિધ શૈક્ષણિક યોજનાઓનો લાભ આપવામાં આવે તેવી નિયમ મુજબ જોગવાઈ કરવામાં આવી છે. આ કોડના આધારે ડ્રોપઆઉટ રેસિયા તેમજ નામાંકન દર ઉપરાંત નવી શૈક્ષણિક યોજના અંગેના પ્લાનીંગનો પણ સમાવેશ કરવામાં આવે છે જયારે આર ટી ઈ અન્વયે પણ દરેક શાળાએ માહીતી

● અનુસંધાન પાન-૭ પર

# બાલોદ્યાન-સરિતાઉદ્યાન સહિત ૪ બગીચાઓ મનપાને સોંપાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના સે. ૨૮માં આવેલ બાલોદ્યાન, સરિતાઉદ્યાન સહિતના વધુ ૪ બગીચાઓ રાજ્ય સરકારે સંચાલન નિભાવણી, મરામત અને જાળવણી માટે મહાનગરપાલિકા હસ્તક મુકવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૧લી ઓકટો.૨૦૧૫થી આ બગીચાઓના સંચાલનની વિધિવત જવાબદારી મનપાના તંત્ર દ્વારા સંભાળી લેવામાં આવનાર છે.

સે. ૨૮નો બાલોદ્યાન અને સરિતાઉદ્યાન એ ગાંધીનગરની આગવી ઓળખ બનીને ઉભરેલા ઉદ્યાનગરીના ઉદ્યાનો હતા. સરકારે આ ઉદ્યાનો હવે મહાનગરપાલિકા હસ્તક મુકવાનો નિર્ણય કર્યો છે.

શહેરી વિકાસ વિભાગ સાથે પરામર્શમાં રહી માર્ગ મકાન વિભાગે આ નિર્ણય કર્યો છે. માર્ગ-મકાન વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે માળી કામ કરનારાઓ વય મર્યાદાને લઈ નિવૃત થઈ રહ્યા હોવાથી


**૧લી ઓક્ટોબારથી મનપા સંચાલનની કામગીરી સંભાળી લેશે**

સરકારને પણ હવે આ ઉદ્યાનોની મરામત-જાળવણી અને નિભાવણીમાં તકલીફોનો સામનો કરવો પડતો હતો.

હવે આ બગીચાઓ સાથે સે. ૨૧ અને સે. ૯ના ઉદ્યાનની જવાબદારી પણ મનપાને સોંપવામાં આવી છે.

રાજ્ય સરકારના આદેશોને પગલે માર્ગ-મકાન વિભાગે આ બગીચાઓના સંચાલન માટેની જવાબદારી સોંપવાની સંપૂર્ણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ૧લી ઓક્ટો.થી આ ઉદ્યાનો મનપા હસ્તક જશે. અગાઉ સે. ૧ થી ૪ના ઉદ્યાનો સોંપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

દરમ્યાન મહાનગરપાલિકાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે મનપાએ તેના અંદાજપત્રમાં સીટી ઈન ગાર્ડનની થીમ પર નગરના વિકાસને અગ્રતા આપવાની વ્યુહરચના તૈયાર કરેલ હોવાથી તંત્રે સરકારના આ નિર્ણયનો સ્વીકાર કરી સંચાલનની તૈયારીઓ પણ હાથ ધરી દીધી છે.



# શહેરમાં ૧૬૦૦ સુકા વૃક્ષો હજુ પણ જોખમી હાલતમા

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર શહેરમાં મુખ્ય તેમજ આંતરિક માર્ગો પર ભયજનક વૃક્ષોની સંખ્યા વિશેષ છે. ત્યારે શહેરમાં નમી પડેલા વૃક્ષો દુર કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેરમાં જોખમી ભાસતા સુકા વૃક્ષોની સંખ્યા

**ભયજનક વૃક્ષો દુર કરવા ટુંકમાં કામ હાથ ધરાશે : સુકા વૃક્ષો દુર કરવા અગાઉ વન વિભાગ દ્વારા સર્વે હાથ ધરાયો**

પણ વિશેષ છે. નગરમાં ૧૬૦૦ જેટલા સુકા ઝાડ દુર કરવા વન વિભાગ દ્વારા ટુંકમાં કામગીરી હાથ ધરવામાં આવશે.

હરિયાળા ગાંધીનગરમાં વધુ વૃક્ષો ઉછેરવાની તેમજ નવા રોપાઓની જાળવણી કરવાની કામગીરી મંદ પડી ગઈ છે. નગરના વિવિધ માર્ગો આસપાસ વાવણી કરાયેલા નવા રોપાઓ જાળવણીના અભાવે બાળમરણ થતુ હોવાનો રોષ પણ સેવાઈ રહયો છે. ત્યારે નગરમાં

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૪માં સ્માર્ટ સીટીના સૂચનો માટે કોઈ ફરક્યું જ નહિ

ગાંધીનગર, તા. ૨૮

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત પ્રજાના સૂચનો મેળવવા માટે આજે સે. ૨૪માં યોજવામાં આવેલ કાર્યક્રમમાં લોકો જ ન ફરકતાં તંત્રના અધિકારીઓ નિરાશ વદને પરત ફર્યા હતા.

શાક માર્કેટ નજીક ખાસ શમિયાણો ઉભો કરી સૂચનો મેળવવાનું તંત્રએ આયોજન કર્યુ હતું. રાજકીય પક્ષોને પણ પુરા વિશ્વાસમાં લેવામાં આવ્યા ન હોવાથી રાજકીય આગેવાનો પણ તંત્ર સામે ખફા ખફા નજરે પડતા હતા.

કાર્યક્રમના સ્થળથી દૂર ઉભા ઉભા આ આગેવાનો સમગ્ર તમાશો જોતા રહ્યા હતા. પરંતુ પ્રજાને આ પ્રોજેક્ટની વાતો કરવાથી અળગા રહ્યા હતા.




ગાંધીનગર શહેરનો ભારત સરકારે સ્માર્ટ સીટીમાં સમાવેશ કર્યો છે. આમ છતાં તંત્ર માત્ર એકલાની આ જવાબદારી હોય તેમ તંત્રના અધિકારીઓ સમયસર પહોંચી ગયા હતા પરંતુ આગેવાનો અળગા રહેતાં આખો કાર્યક્રમ એક તમાશા જેવો બની ગયો હતો.

ગાંધીનગરમાં ગઈકાલે તંત્રએ ૧૫૦થી વધુ સૂચનો એકત્ર કર્યા હતા. આ પછી ઉત્સાહમાં આવેલા તંત્રએ વોર્ડવાર બેઠકો યોજી સૂચનો એકત્ર કરવાનું નક્કી કર્યુ હતુ. પરંતુ પ્રથમ જ બેઠકની સફળતા પછી નિષ્ફળતાથી તંત્રમાં નિરાશા વ્યાપી છે.

આ વિસ્તારના રહીશોએ ગટર, વરસાદ, પાણી નિકાલની વ્યવસ્થા, દબાણો, સફાઈ, માર્ગો જેવા પાયાના પ્રશ્નો પર ધ્યાન આપી તેના ઉકેલ માટે તાકીદે પગલાં લેવામાં આવે તેવી માંગણીઓ વારંવાર કરી હોવા છતાં તંત્રએ આંખ આડા કાન કરે છે તેનો પડઘો પ્રજાએ પાડ્યો હોવાનું લોકજીભે ચર્ચાઈ રહ્યું છે.

આજે સે. ૭ ખાતે આ સૂચનો મેળવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# ગાંધીનગર શહેરમાં મિલ્કતવેરા કરતાં સફાઈ વેરો અધધધ...!

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં મિલ્કતવેરાની વસુલીનો વિવાદ થમવાનું નામ લેતો નથી તેવા સંજોગોમાં વાણિજ્ય વિસ્તારોમાં મિલ્કત વેરા કરતાં સફાઈ વેરો વધુ આવતો હોવાની રજુઆત આજે વિપક્ષી નેતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ મ્યુનિ. કમિશનરને પત્ર લખી કરી હતી.

**કોંગી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ વાણિજ્ય વિસ્તારોમાં સફાઈવેરાની આડેધડ આકારણી સામે રોષ વ્યક્ત કરી ચર્ચાની માંગણી કરી**



તેમણે વાણિજય વિસ્તારના સફાઈ વેરાની વિસંગતતાને લઈ આગામી સામાન્ય સભામાં ખુલ્લા મને ચર્ચા કરવામાં આવે તેવી પણ માંગ કરી છે.

શ્રી બિહોલાએ જણાવ્યુ હતુ કે શહેરના વેરા માળખાને સુવ્યવસ્થિત કરવું એ અતિઆવશ્યક બન્યું છે. આડેધડ વસુલાત કરી તંત્ર શું પ્રસ્થાપિત કરવા માગે છે તે સમજાતુ નથી. તેમણે ગ્રામ્ય વિસ્તારના આકારણી બિલોને લઈ અગાઉ નારાજગી વ્યક્ત કરી હતી તે પણ વાત ઉલ્લેખનીય છે.

તેમણે જણાવ્યું હતું કે કાયદાની જોગવાઈ મુજબ સફાઈવેરા લેવો. મનપા. માટે અનિવાર્ય છે. પરંતુ મનપા દ્વારા વાણિજ્ય એકમોમાં તોતિંગ અને અસહ્ય વધારો કરેલ છે. જે તે સમયે વધારો કરેલ ત્યારે પણ અમારો સખ્ત વિરોધ હતો. અને આજે પણ છે. મનપામાં સમાવિષ્ટ વાણિજ્ય એકમો મોટા હોઈ કે નાના બધાનો એક જ સરખો સફાઈવેરો લેવામાં આવે છે. જે તદ્દન ખોટી બાબત છે. નાના વાણિજ્ય એકમો ધરાવતા વેપારીઓ કે જેઓના વાર્ષિક પ્રોપર્ટી ટેક્ષ કરતા સફાઈવેરો ૨ કે ૩ ગણો વધારો આવે છે. તો તાત્કાલિક ધોરણથી સફાઈવેરો ઓછો કરવો અથવા તો પ્રોપર્ટી ટેક્ષની જેમ મિલકતના એરિયા પ્રમાણે લેવો જો આમ નહિ કરવામાં આવે તો જરૂર પડી ગાંધીનગરની શેરીઓમાં જઈ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# પંચાયતીરાજને બચાવવા સમયસર ચૂંટણી યોજવા કોંગ્રેસની માંગ

ગાંધીનગર, તા. ૨૮

સમગ્ર દેશમાં પંચાયતી રાજ વ્યવસ્થાના અમલીકરણમાં શ્રેષ્ઠ પુરવાર થયેલ ગુજરાતમાં આ રાજ વ્યવસ્થાને ખોખલી બનાવવાના પક્ષીય ધોરણે પ્રયાસો થઈ રહ્યા હોવાના ગંભીર આક્ષેપ સાથે આજે પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પંચાયતોની ચૂંટણી સમયસર કરવામાં આવે તેવી માંગ સાથેનું આવેદન-પત્ર આપવામાં આવ્યું છે.



પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવક્તા શ્રી નિશીત વ્યાસની આગેવાનીમાં મળેલા આ પ્રતિનિધિમંડળમાં ધારાસભ્ય શ્રી અશ્વિન કોટવાલ, માજી ધારાસભ્ય શ્રી ઈકબાલ પટેલ, પૂર્વ પંચાયત પ્રમુખો શ્રી હરિભાઈ ચૌધરી, શ્રી જશુભા રાણા, શ્રી સૂર્યસિંહ ડાભી, શ્રી બાબુજી ઠાકોર, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા, મનપા વિપક્ષના નેતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા પણ જોડાયા હતા.

**પંચાયતી રાજ વ્યવસ્થાને ખોખલી કરવાનું પક્ષીય ધોરણે ષડયંત્ર છે : નિશીત વ્યાસ**

આજે રાજ્ય ચૂંટણી કમિશનરને આવેદનપત્ર આપીને એવી રજુઆત કરી હતી કે સુપ્રિમ કોર્ટે આપેલા સ્ટે ઓર્ડરની મર્યાદાથી બહાર રહેતી અન્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ તેની મુદત પુરી થાય ત્યાં સુધીમાં સમયસર યોજવા રજુઆત કરી હતી.

આવેદનપત્રમાં જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ લોકશાહીનો આધાર સ્તંભ છે અને તેથી જ આ ચૂંટણીઓ સમયસર યોજાય તે લોકતાંત્રિક પ્રક્રિયાની જાળવણી માટે અત્યંત જરૂરી છે. દેશની સુપ્રીમ કોર્ટે પણ અવારનવાર આ સંદર્ભમાં અવલોકનો અને

● અનુસંધાન પાન-૭ પર




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

જોઈએ છે
• LED TV • LCD TV • Colour TV
જુના બંધ હાલતમાં
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com